

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 093
Dt.: 07-02-2026,
Saturday
Page:04
Rs.00.50 paisa


### રેપો રેટ ૫.૨૫% પર પર યથાવત

# RBI Repo Rate: રેપો રેટમાં કોઈ ફેરફાર ન કરાયો

### ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે, સમિતિએ સર્વાનુમતે વ્યાજ દરો યથાવત રાખવાનો નિર્ણય લીધો અને રેપો રેટ ૫.૨૫% પર રાખ્યો છે




(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ ગુરુવાર, ૬ ફેબ્રુઆરીના રોજ નાણાકીય નીતિની જાહેરાત કરી. ૪ ફેબ્રુઆરીથી શરૂ થયેલી નાણાકીય નીતિ સમિતિની બેઠક આજે પૂર્ણ થઈ અને લેવામાં આવેલા નિર્ણયોની જાહેરાત કરવામાં આવી. ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે, સમિતિએ સર્વાનુમતે વ્યાજ દરો યથાવત રાખવાનો નિર્ણય લીધો અને રેપો રેટ ૫.૨૫% પર રાખ્યો છે.

૨૦૨૫માં, રિઝર્વ બેંકે રેપો રેટમાં ૧૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. ડિસેમ્બર પોલિસી મીટિંગમાં, MPC એ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો જે ૫.૫ % થી ઘટાડીને ૫.૨૫% કર્યો હતો. ગયા વર્ષે, રિઝર્વ બેંકે રેપો રેટમાં ચાર વખત ઘટાડો કર્યો હતો. પ્રથમ, ફેબ્રુઆરીમાં તેમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો, ત્યારબાદ એપ્રિલમાં બીજા ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ત્રીજો ઘટાડો જૂનમાં ૫૦ બેસિસ પોઈન્ટનો હતો અને છેલ્લો ઘટાડો ડિસેમ્બરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો હતો.

રેપો રેટ એ દર છે, જેના પર દેશની મધ્યસ્થ બેંક (ભારતીય રિઝર્વ બેંક) પ્રવાહીતાની અછતને પહોંચી વળવા માટે વાણિજ્યિક બેંકોને ધિરાણ આપે છે. બેંકો સરકારી સિક્યોરિટીઝ સામે ઉધાર લે છે અને પછીથી તેને નિશ્ચિત દરે ચૂકવે છે. જ્યારે રેપો રેટ વધે છે, ત્યારે બેંકો માટે RBI પાસેથી ઉધાર લેવું વધુ મોંઘું થઈ જાય છે, જેના કારણે તેઓ ઘર અને કાર લોન પર વ્યાજ દરમાં વધારો કરે છે. જ્યારે રેપો રેટ ઘટે છે, ત્યારે બેંકો માટે ગ્રાહકોને ઓછા વ્યાજ દરે ધિરાણ આપવાનું સરળ બને છે. એકંદરે, રેપો રેટમાં વધારો અને ઘટાડો તમારા નાણાકીય ક્ષેત્રને અસર કરે છે.

આ સિવાય MSME બિઝનેસ માટે લોનની રકમ વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. સોના-ચાંદીને લઈને પણ મોટો નિર્ણય લેવામમાં આવ્યો છે.

રિઝર્વ બેન્કે કહ્યું છે કે ઈન્ફ્લેશન મોનિટરી ફ્રેમવર્કમાં જે વસ્તુઓ પર નજર રાખવામાં આવે છે તે લિસ્ટમાં સોના-ચાંદીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે અત્યાર સુધી આ ફ્રેમવર્કમાં ડુંગળી અને ટામેટાં જેવી વસ્તુઓની કિંમત પર નજર રાખવામાં આવતી હતી. હવે સોના-ચાંદીની કિંમતો પર પણ નજર રાખવામાં આવશે. જોકે વિશ્લેષકોનું માનવું છે કે આ નિર્ણય સોના-ચાંદીની કિંમતોમાં અચાનક જ વધારા-ઘટાડાને જોતાં લેવામાં આવ્યો છે. આ નિર્ણયની સોના-ચાંદીની કિંમતો પર કોઈ અસર નહીં થાય. નોંધનીય છે કે અમેરિકન ડોલર નબળો થવાના કારણે વૈશ્વિક સ્તરે સોના-ચાંદીની કિંમતમાં છેલ્લા ૪ મહિનાથી ભારે તેજી જોવા મળી રહી છે. જોકે વચ્ચે અચાનક જ બંને કિંમતી ધાતુની કિંમતમાં ઘટાડો પણ થયો હતો. સોના-ચાંદીની કિંમત મોટા ભાગે સ્થિર માનવામાં આવતી અને તેમાં ધીમે ધીમે વધારો થતો હતો. પણ હાલના દિવસોમાં ભારે તેજીના કારણે ચાંદી તો એક સમયે ૪ લાખ રૂપિયાને પાર જતી રહી હતી. જે બાદ કિંમતો ક્રેશ પણ થઈ. RBI અનુસાર ભારતમાં મોંઘવારી કાબૂમાં છે. સોનું-ચાંદી છોડીને ભારતમાં મોંઘવારી દર ૨.૬ ટકા હતો. જોકે સાથે સાથે ચેતવણી પણ આપી છે કે વૈશ્વિક ઉથલપાથલ, ઉર્જા બજારોમાં અસ્થિરતા, મોસમમાં બદલાવના કારણે મોંઘવારીમાં વધારો થઈ શકે છે.

### ISROના ચીફ વી. નારાયણનએ જાહેરાત કરી

## ૨૦૨૭માં ગગનયાન અને ૨૦૨૮ સુધી અંતરિક્ષ યાત્રીને ચંદ્રયાન મિશન પર મોકલવામાં આવશે

### ISROના ફરી ઉપયોગ કરી શકાય એવા લોન્ચ વ્હીકલ ટેકનોલોજી પર ફોકસ કરવામાં આવી રહ્યું હોવાની વાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) દ્વારા હાલમાં ઘણાં મહત્ત્વાકાંક્ષી અંતરિક્ષ મિશન માટેની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ISROના ચીફ વી. નારાયણનએ જાહેરાત કરી છે કે ૨૦૨૭માં ગગનયાન કાર્યક્રમ શરૂ કરવામાં આવશે અને ૨૦૨૮ સુધી ચંદ્રયાન-૪ અને ચંદ્રયાન-૫ના માનવયુક્ત મિશન હાથ ધરવામાં આવશે. વી. નારાયણનનું આ વિશે કહેવું છે કે 'આ પ્રોજેક્ટો પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ કરવામાં આવી રહ્યા છે.' વી. નારાયણનએ જણાવ્યું કે ગગનયાન પ્રોગ્રામમાં ત્રણ અંતરિક્ષયાત્રી વગરના મિશન હાથ ધરવામાં આવશે. તેમણે આ મિશનોની ચોક્કસ તારીખ જાહેર નથી કરી.

જોકે તેમણે એટલું સ્પષ્ટ કહ્યું છે કે ચંદ્રયાન-૪ અને ચંદ્રયાન-૫ બંને મંજૂર થયેલા મિશન છે અને જો બધું આયોજન મુજબ ચાલશે તો ૨૦૨૮ સુધીમાં એને પૂર્ણ કરવામાં આવશે.

વી. નારાયણનએ ISROના ફરી ઉપયોગ કરી શકાય એવા લોન્ચ વ્હીકલ ટેકનોલોજી પર ફોકસ કરવામાં આવી રહ્યું હોવાની વાત પણ કરી છે. આ વિશે તેમણે કહ્યું કે "તમામ કામ ચોક્કસ તારીખ મુજબ આગળ વધી રહ્યાં છે. અમે જે રીતે કામ કરી રહ્યાં છીએ એમાં કોઈ શંકાને સ્થાન નથી. અમે ફરી ઉપયોગ કરી શકાય એવા લોન્ચર પર પસંદગી ઉતારી છે એથી ખર્ચ પર પણ કાબુ રાખી શકાશે." આ નિવેદન દર્શાવે છે કે ISRO અંતરિક્ષ અભિયાનને વધુ કાર્યક્ષમ અને આર્થિક રીતે ઓછું ખર્ચાળ બનાવવા માટે કટિબદ્ધ છે.

### અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારા!

## અમેરિકાની તેના નાગરિકોને તાત્કાલિક તેહરાન છોડવા સુચના

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે પરિસ્થિતિ વધુ વણસી રહી હોય તેવું લાગે છે. શુક્રવારે (૬ ફેબ્રુઆરી) ના રોજ, યુએસ દૂતાવાસે ઈરાનમાં રહેલા તેના નાગરિકોને એક સલાહકાર જારી કરીને તાત્કાલિક સ્થળાંતર કરવાની સલાહ આપી હતી. ઈરાની સરકાર સુરક્ષા વધારવા માટે ઘણા વિસ્તારોમાં રસ્તાઓ બ્લોક કરી રહી છે અને હવાઈ મુસાફરી પર પણ પ્રતિબંધ મૂકી રહી છે. આ પરિસ્થિતિને કારણે બંને દેશો વચ્ચે યુદ્ધની શક્યતા વધી ગઈ છે.

અમેરિકાએ તેના નાગરિકો માટે કડક સુચના જારી કરી છે, જેનાથી યુદ્ધની શક્યતા વધુ વધી ગઈ છે. યુએસ એમ્બેસીએ તેના નાગરિકોને તાત્કાલિક ઈરાન છોડવા વિનંતી કરી છે, પછી ભલે તેઓ રોડ, હવાઈ કે દરિયાઈ માર્ગે મુસાફરી કરવા માંગતા હોય.

દૂતાવાસે જણાવ્યું હતું કે વિશ્વભરની એરલાઈન્સ ઈરાન આવતી જતી ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકી રહી છે, અને ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી રહી છે, જેના કારણે તેઓ ઈરાનથી પાછા ફરવા માટે મજબૂર થઈ રહ્યા છે. એડવાઈઝરીમાં એક નોંધપાત્ર મુદ્દો એ છે કે દૂતાવાસે તેના નાગરિકોને યુએસ સરકાર પાસેથી મદદની અપેક્ષા ન રાખવા અને શક્ય તેટલી વહેલી તકે મદદ વિના ઈરાન છોડવાની સલાહ આપી છે.

મહત્વપૂર્ણ રીતે, અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ વાટાઘાટો શુક્રવારે થવાની છે. બંને દેશો ઓમાનમાં વાતચીત કરવાના છે. IANS અનુસાર, વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટીમ રાજદ્વારી પર કામ કરી રહી છે, જેનો મુખ્ય એજન્ડા ઈરાનના પરમાણુ કાર્યક્રમને સંપૂર્ણપણે બંધ કરવાનો છે.




# તંત્રી લેખ......

## પાસપોર્ટ નિયમોમાં મોટા ફેરફાર, હવે પોલીસ વેરિફિકેશન થશે સરળ

ભારત સરકારે વર્ષ ૨૦૨૬ માટે પાસપોર્ટના નવા નિયમો જાહેર કર્યા છે, જે સમગ્ર દેશમાં અરજદારો માટે અરજી પ્રક્રિયાને સરળ બનાવવા, સુરક્ષા મજબૂત કરવા અને સેવા વિતરણને ઝડપી બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યા છે. આ અપડેટેડ નિયમો, જે ૧૫ ફેબ્રુઆરી પછી સંપૂર્ણપણે અમલમાં આવશે, તેનો હેતુ પાસપોર્ટ મેળવવાની કે રિન્યૂ કરવાની પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવાનો અને છેતરપિંડી તેમજ બિનજરૂરી વિલંબને ઘટાડવાનો છે. છેલ્લી ઘડીએ અરજી રિજેક્ટ ન થાય અથવા પ્રક્રિયામાં અડચણ ન આવે તે માટે અરજદારોને નવા નિયમોથી વહેલી તકે માહિતગાર થવા વિનંતી કરવામાં આવી છે.

નવા માળખા હેઠળ, પેપરવર્ક ઘટાડવા માટે પાસપોર્ટ અરજી માટે સ્વીકાર્ય દસ્તાવેજોની યાદીને ટૂંકી અને ડિજિટાઈઝ કરવામાં આવી છે. આધાર કાર્ડ અને અન્ય સરકારી ઓળખપત્રો જેવા ફરજિયાત પુરાવાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, જેનાથી અરજદારો ઓછા પ્રમાણપત્રો અને પાસપોર્ટ ઓફિસના ઓછા ધક્કા સાથે જરૂરિયાતો પૂરી કરી શકશે.

જો કે, અધિકારીઓએ ચેતવણી આપી છે કે અધૂરા અથવા ખોટા દસ્તાવેજો સાથે સબમિટ કરેલી અરજીઓ સીધી જ નકારી કાઢવામાં આવી શકે છે, તેથી ઓનલાઈન દસ્તાવેજો અપલોડ કરતી વખતે સચોટતા રાખવી ખૂબ જરૂરી છે. સૌથી નોંધપાત્ર સુધારો પોલીસ વેરિફિકેશન પ્રક્રિયામાં કરવામાં આવ્યો છે. પરંપરાગત રીતે આ પ્રક્રિયા સૌથી લાંબી ચાલતી હતી, પરંતુ હવે વેરિફિકેશન મુખ્યત્વે ડિજિટલ માધ્યમો દ્વારા કરવામાં આવશે. નવી સંકલિત સિસ્ટમનો અર્થ એ છે કે ઘણા કિસ્સાઓમાં પોલીસ તપાસ અઠવાડિયાના બદલે માત્ર થોડા દિવસોમાં પૂર્ણ થઈ શકશે. કેટલાક કિસ્સાઓમાં 'પોસ્ટ-ઈશ્યુ વેરિફિકેશન' (પાસપોર્ટ આપ્યા પછીની તપાસ) ની સુવિધા પણ આપવામાં આવશે, જેથી પાસપોર્ટ પહેલા મોકલી શકાય અને તપાસ પછીથી થઈ શકે.

અરજી પ્રક્રિયાને પણ વધુ યુઝર-ફ્રેન્ડલી બનાવવામાં આવી છે. સરકારના પાસપોર્ટ પોર્ટલને ઉન્નત સુવિધાઓ સાથે અપગ્રેડ કરવામાં આવ્યું છે, જે અરજદારોને વચેટીયાઓની મદદ વગર ફોર્મ ભરવા, દસ્તાવેજો અપલોડ કરવા અને એપોઈન્ટમેન્ટ સ્લોટ બુક કરવાની મંજૂરી આપે છે. ડિજિટલ સબમિશન અને રિયલ-ટાઈમ નોટિફિકેશન પર વધુ ભાર મૂકવાને કારણે અરજદારો તેમની અરજીનું સ્ટેટસ સરળતાથી ટ્રેક કરી શકશે. સગીરો **(Minors)** માટે પણ પાસપોર્ટ નિયમો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. માતાપિતાની સંમતિ અને ડિજિટલ જન્મ પ્રમાણપત્ર અથવા સ્કૂલ આઈડી સરળતાથી સ્વીકારવામાં આવશે, જેથી બાળકોના પાસપોર્ટ ઈસ્યુ કરવામાં લાગતો સમય ઘટશે. વધારામાં, સરકાર દેશભરમાં પાસપોર્ટ કેન્દ્રોની સંખ્યા વધારવાનું આયોજન કરી રહી છે, જેથી નાના નગરો અને ગ્રામીણ વિસ્તારોમાં સેવાઓ વધુ સુલભ બને.

૨૦૨૬ ના પાસપોર્ટ નિયમોનો એકંદર હેતુ અરજદારોને સબમિશનથી લઈને ઈશ્યુઅન્સ સુધીનો અનુભવ વધુ સરળ બનાવવાનો છે. સંભવિત અરજદારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ નવા નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે ૧૫ ફેબ્રુઆરીની સમયમર્યાદા પહેલા તેમની તૈયારીઓ પૂર્ણ કરી લે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૮૧૬ વધ્યો, ચાંદીનો વાયદો રૂ.૪૨૯૬ ઘટ્યો

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૧૪નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૩૫૨.૯૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૮૩૮૭.૧૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૭૧૨.૦૮ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૬૭૨ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૧૭૭૪૫.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૯૩૫૨.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૮૮૩૮૭.૧૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૬૭૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૦૭૯.૨૨ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૪૭૧૨.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૯૩૯૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૦૮૩ અને નીચામાં રૂ.૧૪૯૩૯૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૨૦૭૧ના આગલા બંધ સામે રૂ.૮૧૬ વધી રૂ.૧૫૨૮૮૭ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૧૮ વધી રૂ.૧૨૫૯૩૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૨ વધી રૂ.૧૫૭૧૦ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૪૦ વધી રૂ.૧૫૧૨૫૬ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨૪૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૬૨૫૦ અને નીચામાં રૂ.૧૫૧૫૩૨ના મથાળે અથડાઈ, રૂ.૧૫૩૮૪૭ના આગલા બંધ સામે રૂ.૧૨૬૪ વધી રૂ.૧૫૫૧૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૪૦૬૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૩૨૭૭ અને નીચામાં રૂ.૨૨૯૧૮૭ના મથાળે અથડાઈ, રૂ.૨૪૩૮૧૫ના આગલા બંધ સામે રૂ.૪૨૯૬ ઘટી રૂ.૨૩૯૫૧૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૩૮૯ ઘટી રૂ.૨૪૬૫૮૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૫૧૫૭ ઘટી રૂ.૨૪૬૬૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૮૭૬.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો ૮૦ પૈસા વધી રૂ.૧૨૨૮.૮ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૮ વધી રૂ.૩૨૨.૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૭૫ વધી રૂ.૩૧૦.૦૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૭૦ પૈસા ઘટી રૂ.૧૮૮.૯૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૬૧૪.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૩૪૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૩૯૮ અને નીચામાં રૂ.૩૩૦૧ના મથાળે અથડાઈ, રૂ.૧૩ ઘટી રૂ.૩૩૩૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૭૩૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૬૭ અને નીચામાં રૂ.૫૭૩૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૪૬ના આગલા બંધ સામે રૂ.૧૪ વધી રૂ.૫૭૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૭ વધી રૂ.૫૭૬૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૯ વધી રૂ.૩૧૯.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૧ વધી રૂ.૩૧૯.૨ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૮૩.૭ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૯૮૦.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૮ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૬૦૪ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૩૫૭૨.૨૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૧૩૯.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૨૪૨૧.૮૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૯૫.૮૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨.૩૧ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૬.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૨.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૬૩.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૩૮.૮૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૪૪૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૯૯૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૬૩૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૧૭૭૫૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૨૧૮૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૮૬૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૧૧૨૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૨૬૧૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૪૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૨૨૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૪૫૫૪ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૬૭૦૨ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૬૭૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૭૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૯૯ પોઈન્ટ વધી ૩૭૬૭૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૯.૪ વધી રૂ.૨૩૪.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮ વધી રૂ.૩૦ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૪ ઘટી રૂ.૯૬૬૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૪૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૨.૫ ઘટી રૂ.૧૮૫૦ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૯૧ ઘટી રૂ.૨૮ના ભાવે બોલાયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦.૭ વધી રૂ.૨૩૯ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૫ વધી રૂ.૩૦.૯ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૫.૫ ઘટી રૂ.૯૨૭૭.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૪૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૬૯.૫ ઘટી રૂ.૮૧૫.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૪.૨ વધી રૂ.૨૨૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૫ પૈસા વધી રૂ.૨૦ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૩.૫ ઘટી રૂ.૬૬૦૦ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૫૦.૫ વધી રૂ.૨૨૩૧ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૦૨ ઘટી રૂ.૩૭.૨૮ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૭ ઘટી રૂ.૦.૪૯ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫.૮ વધી રૂ.૨૨૫.૫૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા વધી રૂ.૨૮.૨૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૨ ઘટી રૂ.૭૯૫૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૪૮.૫ ઘટી રૂ.૮૪૫૫.૫ના ભાવે બોલાયો હતો.

મેરઠ બાદ હવે આગરાની સોનમ

# પંખો ઠીક કરવાના બહાને પ્રેમીને બોલાવ્યો, પછી એસિડ ફેંકી મોતને ઘાટ ઉતાર્યો

### હવે આ મામલામાં આગરા કોર્ટે પ્રેમિકા સોનમ પાંડેને આજીવન કારાવાસ અને ૪૦ હજારનો દંડ પણ ફટકાર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)આગરા

ઉત્તર પ્રદેશના આગરામાં વધુ એક નવો કાંડ સામે આવ્યો છે. સોનમે પોતાના પ્રેમી પર એસિડ એટેક કરતા તેને મોતને ઘાટ ઉતારી દીધો. પોતાના રૂમમાં પંખાને ઠીક કરવાના બહાને પ્રેમીને બોલાવ્યો અને પછી એસિડ એટેકની ઘટનાને અંજામ આપ્યો. હવે આ મામલામાં આગરા કોર્ટે પ્રેમિકા સોનમ પાંડેને આજીવન કારાવાસ અને ૪૦ હજારનો દંડ પણ ફટકાર્યો છે. આ મામલો ૨૧ માર્ચ ૨૦૨૧નો છે. ઔરૈયાની રહેવાસી સોનમ પાંડે આગરાની એક હોસ્પિટલમાં નર્સ હતી. તેની મુલાકાત એક પેથોલોજીમાં કામ કરનારા દેવેન્દ્ર સાથે થઈ. તે કાસગંજનો રહેવાસી હતો. બંને આગરાના હરિપર્વત વિસ્તારના ખંદારી પર રહેતા હતા. બંને વચ્ચે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો. સોનમ પાંડે પ્રેમી દેવેન્દ્ર સાથે લગ્ન કરવા માગતી હતી. જ્યારે દેવેન્દ્રના લગ્ન બીજી જગ્યાએ નક્કી થઈ ગયા હતા. તેને લઈને સોનમ ગુસ્સામાં હતી. તેણે ૨૧ માર્ચ ૨૦૨૧ના રોજ દેવેન્દ્રને પોતાના રૂમમાં પંખો ઠીક કરવાના બહાને બોલાવ્યો. પછી લગ્ન કરવાને લઈને બંને વચ્ચે ઝઘડો થયો. લડાઈ એટલી વધી ગઈ કે સોનમે પ્રેમી પર એસિડ ફેંકી દીધું. જો કે, તેમાં પ્રેમી સાથે પ્રેમિકા સોનમ પણ દાઝી ગઈ હતી. બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, પણ સારવાર દરમિયાન પ્રેમી દેવેન્દ્રનું મોત થઈ ગયું, જ્યારે સોનમ બચી ગઈ. સારવાર દરમિયાન દેવેન્દ્રે પોલીસને નિવેદન પણ આપ્યું. તેણે પ્રેમિકા સોનમ પર એસિડ એટેકની વાત કહી હતી. સારવાર બાદ પોલીસે આરોપી પ્રેમિકાની ધરપકડ કરી હતી, પણ પછી તેને જામીન મળી ગયા. પોલીસ તરફથી આ કેસમાં પૂરાવા કોર્ટમાં રજૂ કર્યા. જે બાદ હવે **ADJ** ૨ કોર્ટે આ મામલામાં નિર્ણય સંભળાવ્યો છે. આરોપી સોનમ પાંડેને આજીવન કારાવાસની સજા અને ૪૦ હજારનો દંડ પણ લગાવ્યો છે. આ દરમિયાન પોલીસે જ્યારે સોનમ પાંડેના રૂમની તલાશી લીધી તો રૂમમાંથી એક લીટરનો ડબ્બો પણ પોલીસને મળ્યો. તેમાં એસિડ ભર્યું હતું. પોલીસે આ પૂરાવા કોર્ટમાં રજૂ કર્યા હતા. જે બાદ હવે કોર્ટે મોટો ચુકાદો આપતા સોનમને આજીવન કેદની સજા સંભળાવી.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૦૬/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૫૦૭ | ૧,૨૦૦.૦૦ | ૧,૭૫૦.૦૦ |
| ૨ | ઘઉં | ૧૪૦ | ૫૧૨.૦૦ | ૫૩૮.૦૦ |
| ૩ | ગવાર | ૧૫ | ૯૭૦.૦૦ | ૧,૦૩૭.૦૦ |
| ૪ | કપાસ | ૨૫૨ | ૧,૫૭૫.૦૦ | ૧,૬૧૩.૦૦ |
| ૫ | સોયાબીન | ૨ | ૧,૦૦૦.૦૦ | ૧,૦૯૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

વાવ-થરાદની આશા વર્કરોએ કરી રજૂઆત

# આશા વર્કર બહેનોએ પડતર માગ પૂરી કરવા મુખ્યમંત્રીને ટપાલ લખી

(સંપૂર્ણ સમાચાર સેવા)વાવ થરાદ

ઉત્તર ગુજરાતમાં વાવ થરાદની આશા વર્કર બહેનોએ મુખ્યમંત્રીને ટપાલ લખીને રજૂઆત કરી છે. થરાદ કલેક્ટર કચેરી ખાતે રેલી યોજીને વિવિધ માગણીઓ સાથે સુત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઉત્તર ગુજરાતમાં વાવ થરાદની આશા વર્કર બહેનોએ મુખ્યમંત્રીને ટપાલ લખીને રજૂઆત કરી છે.

થરાદ કલેક્ટર કચેરી ખાતે રેલી યોજીને વિવિધ માગણીઓ સાથે સુત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. પડતર માંગણીઓ પૂર્ણ નહીં થતાં આશા વર્કર બહેનો કામગીરીથી અળગી રહી હતી અને વિરોધની ચીમકી આપી હતી.વાવ થરાદમાં આશા વર્કર બહેનોએ આજે કલેક્ટર કચેરી સુધી રેલી યોજીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. આશા વર્કર બહેનોએ ટપાલ લખીને મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી.

કલેક્ટર કચેરીએ પહોંચીને ભારે સુત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો હતો. મોટી સંખ્યામાં ઉમટી પડેલી આશા બહેનોએ વિવિધ પડતર માગોને લઈને ધારદાર રજૂઆત કરી હતી. જો તેમની માગો પૂર્ણ કરવામાં નહીં આવે તો કામગીરીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારાઈ હતી.

ચહેરાની હાલત જોઈ ઓળખવો પણ મુશ્કેલ

# પ્રેક્ટિસ દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો બેન સ્ટોક્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન

ઈંગ્લેન્ડ ટેસ્ટ ટીમના કેપ્ટન અને દિગ્ગજ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ પર હાલ મુસીબતોનો પહાડ તૂટી પડ્યો છે. તાજેતરમાં એક ટ્રેનિંગ સેશન દરમિયાન બોલ વાગવાને કારણે તે એટલી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે કે તેનો ચહેરો ઓળખવો પણ મુશ્કેલ બની ગયો છે.

સ્ટોક્સે પોતે સોશિયલ મીડિયા પર પોતાની ઈજાની તસવીરો શેર કરી છે, જેમાં તેની જમણી આંખ પાસે સોજો, ગાલ અને હોઠ પર ઈજાના નિશાન અને નાક પર પટ્ટી જોવા મળી રહી છે. આ ભયાનક ઈજાને કારણે હવે તે આગામી કેટલાક મહિનાઓ સુધી ક્રિકેટના મેદાનથી દૂર રહે તેવી શક્યતા છે.

આ ઈજા એવા સમયે આવી છે જ્યારે બેન સ્ટોક્સ પહેલેથી જ ખરાબ ફોર્મ અને શારીરિક સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા હતા. ઓસ્ટ્રેલિયા સામેની એશેઝ ૨૦૨૫-૨૬ સિરીઝમાં ઈંગ્લેન્ડનો ૪-૧થી શરમજનક પરાજય થયો હતો, જેમાં સ્ટોક્સની કેપ્ટનશીપની પણ ભારે ટીકા થઈ હતી. તે સિરીઝ દરમિયાન તેને ગ્રોઈન ઈન્જરી (સાથળના ભાગે ઈજા) થઈ હતી, જેમાંથી તે માંડ સાજા થઈને મેદાનમાં પરત ફરવાની તૈયારી કરી રહ્યો હતો. પરંતુ આ નવા અકસ્માતે તેની મુશ્કેલીઓમાં વધારો કરી દીધો છે. હવે જોવાનું એ રહેશે કે આ ગંભીર ઈજામાંથી સાજા થઈને ઈંગ્લિશ કેપ્ટન ક્યારે મેદાન પર વાપસી કરે છે.

**IIT** રુડકીએ આપ્યું એલર્ટ

# હિમાલયની ટોચથી આવશે સુનામી! તણાઈ જશે હજારો ગામ

### હિમાલયના પર્વતો પર બનેલા ગ્લેશિયલ તળાવો (હિમનદી તળાવો) નો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

હિમાલયના બરફીલા શિખરો વચ્ચે એક એવી તબાહી આકાર લઈ રહી છે, જે સુનામીથી ઓછી ખતરનાક નથી. **IIT** રૂરકીના સંશોધકોએ એક ચોંકાવનારા અભ્યાસમાં જણાવ્યું છે કે, હિમાલયના પર્વતો પર બનેલા ગ્લેશિયલ તળાવો (હિમનદી તળાવો) નો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે. 'સાયન્ટિફિક રિપોર્ટ્સ' માં પ્રકાશિત રવીન્દ્ર કુમાર અને સૌરભ વિજયના આ સંશોધન મુજબ, હાઈ માઉન્ટેન એશિયા **(HMA)** ક્ષેત્રમાં ૨૦૧૬ થી ૨૦૨૪ વચ્ચે આ તળાવોના ક્ષેત્રફળમાં ૫.૫ ટકાનો જંગી વધારો થયો છે. હાલમાં ૩૧,૦૦૦ થી વધુ આવા તળાવો છે, જે ૯૩ લાખ લોકો માટે સીધો ખતરો બની ગયા છે.

જ્યારે પર્વતો પરના ગ્લેશિયર પીગળે છે, ત્યારે તેનું પાણી ખાલી જગ્યાઓમાં જમા થઈને તળાવો બનાવે છે. આ તળાવોની ચારે બાજુ કોઈ પાકા ડેમ હોતા નથી, પરંતુ તે કાચા ખડકો, બરફ અને કાટમાળ **(Moraine)** ના કુદરતી અવરોધોથી ઘેરાયેલા હોય છે.

કેવી રીતે આવે છે પૂરઃ જ્યારે ગ્લોબલ વોર્મિંગને કારણે પાણીનું દબાણ વધે છે અથવા હિમપ્રપાતનો બરફ કે કાટમાળ (એવલાન્ચ) આ તળાવોમાં પડે છે, ત્યારે આ કુદરતી બંધો ફાટી જાય છે. આને 'ગ્લેશિયર લેક આઉટબર્સ્ટ ફ્લડ' **(GLOF)** અથવા હિમાલયી સુનામી કહેવામાં આવે છે.

ભૂતકાળના ઉદાહરણોઃ ૨૦૧૩ ની કેદારનાથની ત્રાસદી અને ૨૦૨૩ માં સિક્કિમમાં આવેલું પૂર આ જોખમના મોટા ઉદાહરણો છે. આ તળાવો એટલી ઊંચાઈ પર હોય છે કે જ્યારે તેનું પાણી નીચે પડે છે, ત્યારે તે પ્રચંડ ગતિ પકડી લે છે. તે માત્ર પાણી જ નહીં, પણ મોટા પથ્થરો, માટી અને ઝાડને પણ સાથે વહાવી લાવે છે, જે રસ્તામાં આવતી દરેક વસ્તુને તબાહ કરી શકે તેટલા પ્રચંડવેગથી આવતું હોય છે.

હજારો ફૂટની ઊંચાઈ અને દુર્ગમ રસ્તાઓને કારણે આ તળાવો પર નજર રાખવી અશક્ય હતી. પરંતુ **IIT** રૂરકીના વૈજ્ઞાનિકોએ નાસા **(NASA)** અને **USGS** ના 'લેન્ડસેટ ૮' તેમજ યુરોપિયન સ્પેસ એજન્સીના 'સેન્ટિનલ' સેટેલાઈટ ડેટાનો ઉપયોગ કરીને આ ઝીણવટભરી વિગતો મેળવી છે. આ ટેકનોલોજી વાદળોની આરપાર પણ જોઈ શકે છે, જેનાથી 'ત્રીજા ધ્રુવ' **(Third Pole)** ગણાતા આ વિસ્તારનું મોનિટરિંગ હવે શક્ય બન્યું છે.

કયા વિસ્તારોમાં સૌથી વધુ જોખમ?

★ અભ્યાસ મુજબ, તળાવો વધવાની ગતિ દરેક વિસ્તારમાં અલગ-અલગ છેઃ

★ કિલિયન શાન **(Qilian Shan)**: અહીં તળાવોના ક્ષેત્રફળમાં સૌથી વધુ ૨૨.૫ ટકાનો વધારો થયો છે.

★ પૂર્વી હિમાલયઃ આ વિસ્તાર સૌથી વધુ સંવેદનશીલ છે કારણ કે અહીં તળાવોની સંખ્યા સૌથી વધુ છે.

★ ભારતની સ્થિતિઃ ભારતમાં અંદાજે ૩૦ લાખ લોકો સીધી રીતે આ અસ્થિર તળાવોની નીચેના વિસ્તારોમાં વસેલા છે.

વિશ્વભરમાં ગ્લેશિયરના પૂરથી જેટલા લોકોને ખતરો છે, તેમાંથી ૬૨ ટકા લોકો એકલા હાઈ માઉન્ટેન એશિયા ક્ષેત્રમાં રહે છે. હિમાલયના આ હિસ્સામાં રહેતા ઘણા પરિવારો આ તળાવોથી માત્ર ૧૦ કિલોમીટરના વિસ્તારમાં જ રહે છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# અજિત પવારની અંતિમ ઈચ્છા પૂરી થશે? -ભત્રીજા રોહિતનો મોટો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં અને પવાર પરિવારમાં ચાલી રહેલી ઉથલપાથલ વચ્ચે રોહિત પવારે એક અત્યંત મહત્ત્વનું નિવેદન આપ્યું છે. બારામતીમાં મીડિયા સાથે વાતચીત કરતા રોહિત પવારે સ્પષ્ટ કર્યું કે, પક્ષના તમામ ધારાસભ્યો, કાર્યકરો અને આખો પવાર પરિવાર ઈચ્છે છે કે સુનેત્રા પવાર જ NCPના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળે.

અજિત પવાર ઈચ્છતા હતા કે એનસીપીનો વિલય થઈ જાય અને એના માટે એમણે તૈયારીઓ પણ કરી લીધી હતી. એવામાં પક્ષના વિલય અંગે ચાલી રહેલી અટકળો પર વિરામ મુકતા તેમણે જણાવ્યું કે, અજિત પવારના નિધન બાદ હાલ પરિવાર શોકમાં છે, તેથી અત્યાર સુધી વિલય અંગે કોઈ સત્તાવાર ચર્ચા થઈ નથી. પરંતુ, ૧૩ દિવસનો શોક સમયગાળો પૂર્ણ થયા બાદ, એટલે કે ૯ ફેબ્રુઆરી પછી, સુનેત્રા કાકી પોતે આ મુદ્દે જાહેરમાં પોતાની વાત રજૂ કરશે.

રોહિત પવારે અજિત પવારના આકસ્મિક નિધન પાછળના કારણો અંગે પણ ગંભીર સંકેતો આપ્યા છે. જે વિમાન દુર્ઘટનામાં અજિત પવારનું મોત થયું, તેને લઈને રોહિત પવારે જણાવ્યું કે તેમની પાસે કેટલીક આંતરિક માહિતી છે અને તેઓ DGCA પાસેથી વધુ વિગતો માંગી રહ્યા છે.

૯ ફેબ્રુઆરી પછી તેઓ સ્પષ્ટ કરશે કે વિમાનની અંદર વાસ્તવમાં શું બન્યું હતું. તેમણે આ મુદ્દે કોઈ ષડયંત્ર કે તોડફોડની આશંકાઓને નકારી નથી અને સત્ય સામે લાવવાની ખાતરી આપી છે. આ સાથે જ તેમણે દુઃખ વ્યક્ત કર્યું કે કેટલાક વરિષ્ઠ નેતાઓ અજિત પવારની અંતિમ ઈચ્છાને સમજવાને બદલે આ ગંભીર પરિસ્થિતિને રાજકીય રંગ આપી રહ્યા છે.

પરિવારની એકતા અંગે વાત કરતા રોહિત પવારે જણાવ્યું કે, છેલ્લા કેટલાક દિવસોમાં પવાર પરિવારના સભ્યો વચ્ચેનું અંતર ઘટ્યું છે અને બંને જૂથના લોકો એકબીજાના કાર્યક્રમોમાં હાજરી આપી રહ્યા છે. અજિત પવારના ૪૦ વર્ષના જાહેર જીવન અને કાર્યોની યાદમાં બારામતીમાં એક ભવ્ય સંગ્રહાલય અને સ્મારક બનાવવાની પણ યોજના છે, જેના સ્થાનનો નિર્ણય વિદ્યા પ્રતિષ્ઠાનના ટ્રસ્ટીઓ દ્વારા લેવામાં આવશે. અંતમાં, તેમણે મતદારોને અપીલ કરી હતી કે આગામી જિલ્લા પરિષદની ચૂંટણીઓમાં મતદાન કરીને અજિત દાદાને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરે.

### ૩ અબજ ડોલરના સોદાને ટૂંક સમયમાં મંજૂરી

# ભારત અમેરિકા પાસેથી ૬ પી-૮આઈ વિમાન ખરીદશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકાની વચ્ચે તાજેતરમાં થયેલી વેપાર સમજૂતી પછી દ્વિપક્ષીય સંબધોમાં આવેલી મજબૂતીની અસર હવે સંરક્ષણ સહકાર ઉપર પણ સ્પષ્ટ જોવા મળી રહી છે.

આ જ ઘટનાક્રમ હેઠળ બંને દેશ લગભગ ૩ અબજ અમેરિકન ડોલરના એક મોટા સંરક્ષણ સોદાની દિશામાં આગળ વધતા જોવા મળી રહ્યાં છે. આ પ્રસ્તાવ ભારતીય નૌકાદળ માટે છ એડિશનલ પી-૮આઈ એન્ટી સબમરિન વોરફેર અને મેરીટાઈમ સર્વેલન્સ વિમાનોથી જોડાયેલ છે.

જેના કારણે હિંદ સમુદ્ર ક્ષેત્રમાં ભારતની સર્વેલન્સ ક્ષમતાને વધુ મજબૂતી મળવાની આશા છે. ભારતીય નેવી પાસે હાલમાં ૧૨ પી-૮આઈ મેરીટાઈમ સર્વેલન્સ વિમાન છે. જે તમિલનાડુના અરાકોણમ અને ગોવા સ્થિત એરબેઝથી સંચાલિત કરવામાં આવી રહ્યાં છે. આ વિમાનો દ્વારા નેવી પૂર્વ અને પશ્ચિમી સમુદ્ર કાંઠાની સાથે સાથે પોતાના સમગ્ર જવાબદાર ક્ષેત્રમાં શત્રુઓની ગતિવિધિઓ પર નજર રાખે છે. છ વિમાનો સામેલ થવાને કારણે નેવીની એન્ટી સબમરિન અને સમુદ્ર સર્વેલન્સ ક્ષમતાઓમાં ઉલ્લેખનીય વૃદ્ધિ જોવા મળશે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર છ નવા પી-૮આઈ વિમાનના ખરીદ પ્રસ્તાવને ટૂંક સમયમાં જ સંરક્ષણ મંત્રાલયની મંજૂરી માટે મોકલવામાં આવી શકે છે. મંત્રાલયની મંજૂરી મળ્યા પછી આ પ્રસ્તાવને અંતિમ મંજૂરી માટે કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (સીસીએસ)ની પાસે મોકલવામાં આવશે. નેવીની આ ખરીદ યોજના લાંબા સમયથી વિચારાધીન હતી પરંતુ કીંમતથી જોડાયેલા મુદ્દાઓને કારણે મંત્રણા લાંબા સમયથી અટકી રહી હતી.

### સરકારે જાહેર કર્યા ચોંકાવનારા આંકડા

# એર ઈન્ડિયાના ૭૦ ટકા વિમાનોમાં ટેક્નિકલ ગરબડ!

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એર ઈન્ડિયાના વિમાનોમાં ટેકનિકલ ખામીની ઘટનાઓને લઈને સરકારે સંસદમાં જણાવ્યું કે, એરલાઈનના દર ૧૦માંથી ૭ વિમાનોમાં કોઈને કોઈ ટેકનિકલ ખામી જોવા મળી છે. આનો અર્થ એ છે કે એર ઈન્ડિયાના ૭૦ ટકા વિમાનો ટેકનિકલ રીતે બીમાર છે. કેન્દ્ર સરકારે માહિતી આપી કે, તમામ એરલાઈન્સમાં સૌથી વધુ ટેકનિકલ સમસ્યાઓ એર ઈન્ડિયાના વિમાનોમાં જોવા મળી છે. સરકારના જણાવ્યા અનુસાર, જાન્યુઆરી ૨૦૨૫થી આ વર્ષે ૩ ફેબ્રુઆરી સુધીમાં વિવિધ એરલાઈન્સના કુલ ૩૭૭ વિમાનોમાં વારંવાર ગરબડ થવાનો ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે.

નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે લોકસભામાં એક પ્રશ્નના લેખિત ઉત્તરમાં જણાવ્યું હતું કે, વારંવાર થતી ખામીઓના સંદર્ભમાં ઈન્ડિગોના ૪૦૫ વિમાનોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી આ વર્ષે ૩ ફેબ્રુઆરી સુધીમાં ૧૪૮ વિમાનોમાં વારંવાર ગરબડ હોવાનું સામે આવ્યું છે.

મંત્રીના લેખિત જવાબના ચોંકાવનારા આંકડા :

★ એર ઈન્ડિયાઃ તપાસ કરાયેલા ૧૬૬ વિમાનોમાંથી ૧૩૭ માં ખામી મળી.

★ એર ઈન્ડિયા એક્સપ્રેસઃ ૧૦૧ વિમાનોમાંથી ૫૪ માં ગરબડ જણાઈ.

આ ઉપરાંત, સ્પાઈસ જેટના ૪૩ વિમાનોમાંથી ૧૬ માં વારંવાર ગરબડ હોવાનું જાણવા મળ્યું છે. આંકડા અનુસાર, તપાસવામાં આવેલા ૩૨ વિમાનોમાંથી કુલ ૧૪ અકાસા એર વિમાનોમાં પણ ખામીઓ જોવા મળી હતી. આ સમયગાળા દરમિયાન, એવિએશન સેફ્ટી રેગ્યુલેટર 'ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન' (DGCA) એ પણ ૩,૮૯૦ સર્વેલન્સ નિરીક્ષણો કર્યા હતા. મંત્રીએ અન્ય એક પ્રશ્નના જવાબમાં ઉમેર્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષમાં ફ્લાઈટ્સમાં ટેકનિકલ ખામીના કિસ્સાઓમાં ઘટાડો થયો છે અને ગયા વર્ષે આવી માત્ર ૩૫૩ ઘટનાઓ બની હતી.

મોહોલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં ટેકનિકલ ખામીના કુલ ૪૨૧ કેસ નોંધાયા હતા. જે તેના અગાઉના વર્ષની ૪૪૮ ઘટનાઓ કરતા ઓછા છે. ઢ્ચ્ઝછ પાસે તમામ વિમાનો અને એરપોર્ટ ઓપરેટરો માટે નિયમોના પાલનની દેખરેખ રાખવા માટે એક વ્યવસ્થિત સુરક્ષા સિસ્ટમ છે. આ અંતર્ગત અચાનક તપાસ અને રેગ્યુલેટરી ઓડિટ કરવામાં આવે છે. જો ઓડિટમાં ખામીઓ જણાય, તો સુધારાત્મક પગલાં લેવા માટે એરલાઈન્સનો સંપર્ક કરવામાં આવે છે. જો નિયમોનું ઉલ્લંઘન જણાય તો ઢ્ચ્ઝછ દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. એરલાઈન્સ માટે તમામ નાની-મોટી ઘટનાઓની જાણકારી ઢ્ચ્ઝછ ને આપવી ફરજિયાત બનાવવામાં આવી છે.

### ગુરુદ્વારાની બહાર અંધાધૂંધ ફાયરિંગ

# AAP નેતા લકી ઓબેરોયની ગોળી મારી હત્યા કરી દેવાઈ

## ગુના માટે જવાબદાર શખ્સોને પકડવા તપાસ તેજ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પંજાબના જાલંધરમાં શુક્રવારે આમ આદમી પાર્ટી (AAP) ના એક નેતાની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આપ નેતા લકી ઓબેરોય પર મોડલ ટાઉનના ગુરુદ્વારા સાહિબની બહાર ધડાધડ ગોળીઓ ચલાવવામાં આવી હતી. ધોળા દિવસે નેતા પર ફાયરિંગની આ ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

સ્થાનિક લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઘટનાસ્થળે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને આ ગુના માટે જવાબદાર શખ્સોને પકડવા તપાસ તેજ કરવામાં આવી છે.

પ્રાથમિક જાણકારી મુજબ, ઓબેરોય જ્યારે ગુરુદ્વારાની બહાર પોતાની કાર પાર્ક કરી રહ્યા હતા, ત્યારે જ અચાનક બાઈક પર ધસી આવેલા હુમલાખોરોએ તેમના પર અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જેમાંથી ઓબેરોયને પાંચ ગોળીઓ વાગી હતી. હુમલા બાદ તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, લકી ઓબેરોયની પત્નીએ આમ આદમી પાર્ટી તરફથી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી લડી હતી, પરંતુ હારી ગયા હતા.

લકી ઓબેરોય કેન્ટ મતવિસ્તારના ઈન્ચાર્જ રાજવિંદર કૌર થિયાડાના અત્યંત નજીકના નેતા છે. પોલીસ હાલમાં સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે તપાસ કરી રહી છે. જેથી હુમલાખોરોની ઓળખ થઈ શકે અને તેઓની ઝડપી લેવામાં આવે.

### BJP આજે જાહેર કરશે ઉમેદવારનું નામ

# મુંબઈમાં મેયર પદને લઈ તૈયારીઓ શરુ થઈ ગઈ

## મીડિયા અહેવાલો અનુસાર, સવારે ૯ વાગ્યે મ્યુનિસિપલ મુખ્યાલય ખાતે ભાજપના કાઉન્સિલરોની બેઠક યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

BJP શનિવારે મુંબઈમાં મેયર પદ માટે પોતાના ઉમેદવારના નામની જાહેરાત કરે તેવી શક્યતાઓ છે. મીડિયા અહેવાલો અનુસાર, સવારે ૯ વાગ્યે મ્યુનિસિપલ મુખ્યાલય ખાતે ભાજપના કાઉન્સિલરોની બેઠક યોજાવાની છે.

આ બેઠકમાં મેયર પદ માટે ભાજપના ઉમેદવારની જાહેરાત થાય તેવી શક્યતા છે. એવું અનુમાન છે કે મુંબઈ ભાજપ પ્રમુખ અમિત સાટમ ભાજપના પ્રથમ મહિલા મેયરના નામની જાહેરાત કરે તેવી શક્યતા છે. આ જાહેરાત બાદ, મેયર પદના ઉમેદવારો સહિત તમામ કોર્પોરેટરો સવારે ૧૦ વાગ્યે પોતાની અરજીઓ દાખલ કરશે, જ્યારે મેયર પદ માટે સત્તાવાર ચૂંટણી ૧૧ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યે BMC કાર્યાલયમાં યોજાશે.

નોંધનીય છે કે BMC ચૂંટણીના લગભગ એક મહિના પછી ૧૧ ફેબ્રુઆરીએ મુંબઈને નવા મેયર મળશે. આ પદ સામાન્ય શ્રેણીના મહિલા કાઉન્સિલર માટે અનામત છે. માહિતી અનુસાર, લાયક ઉમેદવારો ૭ ફેબ્રુઆરીએ આ પદ માટે ઉમેદવારી પત્રો દાખલ કરી શકે છે, જ્યારે નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખ ૧૧ ફેબ્રુઆરી છે અને મુંબઈના ૭૮મા મેયર માટે ચૂંટણી તે જ દિવસે બપોરે ૧૨ વાગ્યે યોજાશે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ૧૫ જાન્યુઆરીની ચૂંટણીમાં ચૂંટાયેલા તમામ ૨૨૭ કાઉન્સિલરો માટે નોંધણી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

નોંધનીય છે કે ભાજપની આગેવાની હેઠળના મહાયુતિ ગઠબંધને તાજેતરમાં BMC ચૂંટણીમાં બહુમતી મેળવી હતી. આ પછી, હવે મેયરને ચૂંટવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે. BMCના ૨૨૭ વોર્ડમાંથી ૮૯ બેઠકો જીતીને ભાજપ એકમાત્ર સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યો છે.

ભારતીય ચૂંટણી પંચ (ECI) અને BMC દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, BMC ચૂંટણીમાં ભાજપે ૮૯ બેઠકો જીતી હતી. ચૂંટણીમાં ભાજપને ૧,૧૭૯,૨૭૩ મત મળ્યા, જે કુલ પડેલા મતોના ૨૧.૫૮ ટકા હતા. વિજેતા ઉમેદવારોમાં, ભાજપનો મત હિસ્સો ૪૫.૨૨ ટકા હતો, જે તેને મહાનગરપાલિકામાં સૌથી મોટો પક્ષ બનાવ્યો. તેના સાથી પક્ષ, શિવસેના (એકનાથ શિંદે જૂથ) એ ૨૯ બેઠકો જીતી અને ૨૭૩,૩૨૬ મત મેળવ્યા, જે કુલ મત શેરના ૫.૦૦ ટકા હતા. ભાજપ-શિવસેના (શિંદે) ગઠબંધન બીએમસીમાં સૌથી મોટા ગઠબંધન તરીકે ઉભરી આવ્યું. બીજી બાજુ, મનસે સાથે જોડાણ કરીને ચૂંટણી લડી રહેલી શિવસેના (યુબીટી) એ ૬૫ બેઠકો જીતી. યુબીટીના નેતૃત્વ હેઠળની શિવસેનાએ ૭૧૭,૭૩૬ મત મેળવ્યા, જે કુલ પડેલા મતોના ૧૩.૧૩ ટકા હતા. મનસેએ ૭૪,૯૪૬ મત મેળવીને ગઠબંધનમાં છ બેઠકો ઉમેરી જે કુલ પડેલા મતોના ૧.૩૭ ટકા હતા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC) એ ૨,૪૨,૬૪૬ મતો મેળવીને ૨૪ બેઠકો જીતી, જે કુલ મતોના ૪.૪૪ ટકા છે.

### અંગ્રેજી નામે હટાવી ૨૪૬ સ્થળોને વીરોના નામ અપાયા

# ભારતીય સેનાએ ૨૪૬ સ્થળોના નામ બદલી ભૂંસી બ્રિટિશ છાપ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય સેનાએ ગુલામીની નિશાની મુક્ત કરતો અને ભારતીય વીરોને સન્માન આપતો એક મોટો નિર્ણય લીધો છે. સદીઓથી બ્રિટિશ ગુલામીની યાદ અપાવતા અંગ્રેજી નામોને હવે હંમેશા માટે હટાવી લેવામાં આવ્યા છે. સેનાએ દેશભરમાં પોતાના પ્રતિષ્ઠાનો, કેન્ટોનમેન્ટ બોર્ડ વિસ્તારો અને સૈન્ય સ્ટેશનોમાં ૨૪૬ રસ્તાઓ, બિલ્ડિંગો અને અન્ય સુવિધાઓના નામ બદલી નાખ્યા છે. ભારતીય સેનાએ જે સ્થળોના નામો બદલ્યા છે, તેઓના અગાઉ નામ અંગ્રેજી અધિકારી કે વાયસરાયના નામે હતા. જોકે હવે આ સ્થળો ભારત માતાના વીર જવાનો, વીરતાના પુરસ્કાર મેળવનાર સૈનિકો, યુદ્ધમાં શહીદ થયેલા જવાનો અને સેનાના મુખ્ય વડાના નામે ઓળખાશે. નામ બદલાયેલા ૨૪૬ સ્થળોમાં ૧૨૪ રસ્તાઓ, ૭૭ કોલોની, ૨૭ બિલ્ડિંગો અને અન્ય સૈન્ય સુવિધાઓ તેમજ ૧૮ પાર્ક તેમજ રમતના મેદાનો વગેરે સામેલ છે. ભારતીય સેનાના અધિકારીઓના જણાવ્યા મુજબ, ગુલામી સમયના નામો હટાવીને, તેમના બદલે આપણા વીરો, યુદ્ધ નાયકો અને પ્રતિષ્ઠિત સૈન્ય અધિકારીઓનું સન્માન કરવા માટે આ નિર્ણય લેવાયો છે. આનાથી રાષ્ટ્રીય વિરાસતની ભાવનાને પ્રોત્સાહન મળશે. જેઓએ ભારતને ગુમાલ બનાવ્યા હતા અને તેમના નામે રસ્તાઓ હતા, ત્યાંથી ભારતીય સૈનિકો પરેડ કરતા રહ્યા. જોકે હવે આ બદલાઈ ગયું છે.

આંકડાકીય વિગતો

૧૨૪ રસ્તાઓ : કેન્ટોન્ટમેન્ટની અંદરની ૧૨૪ મુખ્ય રસ્તાઓ નામ બદલાયા

૭૭ કોલોનીઓ : જ્યાં સૈનિકો અને અધિકારીઓનો પરિવાર રહે છે, તે ૭૭ કોલોનીઓના નામ બદલાયા

૨૭ બિલ્ડિંગો : હેડક્વાર્ટર અને અન્ય સૈનિય સુવિધાઓવાળી ૨૭ બિલ્ડિંગોના નામ બદલાયા

૧૮ અન્ય સુવિધાઓ : પાર્ક, ટ્રેનિંગ એરિયા, રમત-ગમતના મેદાન, ગેટ અને હેલીપેડ સામેલ છે, તેના પણ નામ બદલાયા

આ ઐતિહાસિક ફેરફારની નવી પેઢીને પ્રેરણા આપતી સૌથી મહત્ત્વની વાત એ છે કે, આમ કરવાથી પરમવીર ચક્ર વિજેતાઓથી લઈને કારગીલ યુદ્ધના નાયકોને સન્માન આપવામાં આવ્યું છે.

આનાથી દેશનું ગૌરવ વધવાની સાથે સાથે નવી પેઢી પણ ભારતીય વીરોને વધુ ઓળખતી થશે. આ ફેરફારથી રાષ્ટ્રીય ગૌરવની ભાવના મજબૂત થશે. આગામી પેઢીઓ ભારતના વીર સૈનિકોની ગાઢાઓથી પ્રેરિત થશે.

### વર્લ્ડ કપ પહેલા ભારતને મોટો ઝટકો

# હર્ષિત રાણા ઘૂંટણની ઈજાને કારણે T20 વર્લ્ડ કપમાંથી બહાર થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય ફાસ્ટ બોલર હર્ષિત રાણા ઘૂંટણની ઈજાને કારણે T20 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો છે. સૂર્યકુમાર યાદવે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે હર્ષિત સંપૂર્ણપણે ફિટ નથી. ટીમ હાલમાં તેના માટે યોગ્ય રિપ્લેસમેન્ટ શોધી રહી છે. ફાસ્ટ બોલર હર્ષિતને દક્ષિણ આફ્રિકા સામેની વોર્મ-અપ મેચ દરમિયાન ઘૂંટણની ઈજા થઈ હતી. હર્ષિત કેટલાક સમયથી ભારતીય ટી૨૦ ટીમનો નિયમિત સભ્ય છે, અને ટુર્નામેન્ટમાંથી તેનું બાકાત રહેવું ભારત માટે મોટો ફટકો છે. અહેવાલો અનુસાર, બુધવારે નવી મુંબઈમાં દક્ષિણ આફ્રિકા સામે ટીમની વોર્મ-અપ મેચ દરમિયાન થયેલી ઈજાને કારણે ભારતીય ફાસ્ટ બોલર હર્ષિત રાણા T20 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો છે. ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે હર્ષિત રાણાની ફિટનેસ પર નજર રાખવામાં આવી રહી છે અને સાંજ સુધીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. જોકે, અહેવાલો સૂચવે છે કે તેના માટે ટુર્નામેન્ટમાં રમવું મુશ્કેલ છે.

ભારતના સ્ટાર ખેલાડી હર્ષિત રાણાને દક્ષિણ આફ્રિકા સામેની T20 વર્લ્ડ કપ ૨૦૨૬ની પ્રેક્ટિસ મેચ દરમિયાન ઈજા થઈ હતી. બે રન-અપ લીધા બાદ તે બોલિંગ કરી શક્યો ન હતો. ત્યારબાદ તે ઘૂંટણ પકડીને મેદાનની બહાર ચાલ્યો ગયો હતો.

અહેવાલો અનુસાર, હર્ષિતના મેડિકલ દસ્તાવેજોમાં તેના જમણા ઘૂંટણમાં સોજો, હલનચલનમાં મુશ્કેલી અને બાજુના સાંધામાં દુખાવો હોવાનું બહાર આવ્યું હતું. પાછળથી સ્કેન કરવામાં આવ્યું ત્યારે લેટરલ મેનિસ્કસ ફાટી જવાની પુષ્ટિ થઈ હતી, અને ડૉક્ટરની સલાહ લીધા પછી, રાણાને સર્જરી કરાવવાની સલાહ આપવામાં આવી હતી, જેના કારણે તે આગામી T20 વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો હતો.

ભારતીય ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે યુનાઈટેડ સ્ટેટ્સ સામેની મેચ પહેલા કહ્યું હતું કે, અમારી પાસે ઘણા વિકલ્પો છે. અમે જોઈ રહ્યા છીએ કે તાજેતરના ભૂતકાળમાં કયા બોલરોએ સારું પ્રદર્શન કર્યું છે. અમે એવા બોલરો પર પણ નજર કરીશું જે નીચે આવીને સારા છગ્ગા મારી શકે છે. જો કે, એ જરૂરી નથી કે આવો બોલર એવો જ હોવો જોઈએ જેની પાસે આઠમા કે નવમા નંબર પર રન બનાવવાની ક્ષમતા હોય કારણ કે તેની ઉપરના આઠ બેટ્સમેન શું કરશે?

### વસ્ત્રાલમાં અકસ્માત કરનાર ઝડપાયો, નશામાં ચૂર હતો કારચાલક

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા વસ્ત્રાલમાં બે દિવસ પૂર્વે સર્જાયેલા ભયાનક અકસ્માત મામલે 'I' ટ્રાફિક પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં આરોપી ચાલકની ધરપકડ કરી લેવામાં આવી છે. નશામાં ધૂત ચાલકે કચરો કલેક્ટ કરતી વાન પુરઝડપે ચલાવી બે નિર્દોષ વિદ્યાર્થિનીઓનો ભોગ લેવાનો પ્રયાસ કર્યો હતો, જે બાદ તે ફરાર થઈ ગયો હતો.

વસ્ત્રાલના પ્રણામી બંગલોઝ પાસે આ અકસ્માત તે સમયે સર્જાયો હતો, જ્યારે બે વિદ્યાર્થિનીઓ રસ્તો ઓળંગી રહી હતી અથવા પસાર થઈ રહી હતી. તે સમયે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરીમાં જોડાયેલી કચરો કલેક્શન કરવાની વાનના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, વાન એટલી પુરઝડપે હતી કે, વિદ્યાર્થિનીઓને બચવાની તક પણ મળી ન હતી. આ ટક્કર બાદ બંને વિદ્યાર્થિનીઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, અકસ્માત સમયે વાન ચાલક દારૂના નશામાં સંપૂર્ણપણે ચકચૂર હતો. નશાની હાલતમાં જાહેર માર્ગ પર જોખમી રીતે ગાડી ચલાવી તેણે આ જીવલેણ અકસ્માત સર્જ્યો હતો.

ટ્રાફિક પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી આરોપીને દબોચી લીધો છે.

'I' ટ્રાફિક પોલીસે આરોપી વિરૂદ્ધ ડ્રિંક એન્ડ ડ્રાઈવ તેમજ ગંભીર અકસ્માત સર્જવા બદલ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. આ ઘટનાને પગલે વસ્ત્રાલના સ્થાનિક રહીશોમાં નશાખોર ડ્રાઈવરો અને બેફામ દોડતી અમદાવાદ મનપાની વાન સામે રોષ જોવા મળી રહ્યો છે. અમદાવાદ પોલીસે આરોપીના રિમાન્ડ મેળવી તેની વધુ પૂછપરછ શરૂ કરી છે.

### રોજનું કરોડો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો

# માંગરોળમાં વીજળી ગુલ થતા ૧૪૦૦ મિલો ઠપ, કરોડોનું નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોટા બોરસરા ગામે આવેલા જેટકો (GETCO) ના ૬૬ કે.વી. સબ સ્ટેશનમાં લાગેલી આગ બાદ હવે વીજ સંકટ ઘેરાયું છે. આગની ઘટનાને પગલે સુરક્ષાના કારણોસર વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો, પરંતુ લાંબો સમય વીતવા છતાં વીજ પુરવઠો નિયમિત ન થતા ઉદ્યોગપતિઓ અને સ્થાનિકોનો સંયમ ખૂટ્યો છે. આજે રોષે ભરાયેલા લોકોએ જેટકો ઓફિસ પર પહોંચી ભારે હોબાળો મચાવ્યો હતો. માંગરોળ પંથકમાં વારંવાર થતી ટ્રીપીંગની સમસ્યા અને અનિયમિત વીજ પુરવઠાને કારણે અંદાજે ૧૪૦૦ જેટલી મિલો બંધ કરી દેવાની નોબત આવી છે. ઉદ્યોગપતિઓના જણાવ્યા અનુસાર, પાવર ફ્લક્ચ્યુએશન અને વારંવારના કાપને કારણે મશીનરીને નુકસાન થઈ રહ્યું છે, અને ઉત્પાદન ખોરવાતા રોજનું કરોડો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. જ્યાં સુધી વીજ પુરવઠો પૂર્વવત અને સુરક્ષિત નહીં થાય ત્યાં સુધી મિલો બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મોટા બોરસરા ગામના લોકો અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓએ જેટકોની કચેરીએ પહોંચી સત્તાધીશોને ઉગ્ર રજૂઆત કરી હતી. બોરસરા સબ સ્ટેશનમાં લાગેલી આગ બાદ તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં નિષ્ફળતા મળી હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. હાલમાં આખું પંથક અંધારપટ અને આર્થિક નુકસાનની ભીતિ હેઠળ છે. જો વહેલી તકે કાયમી ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### કેસર કેરી પર કુદરતનો પ્રહાર!

# ગુજરાતની શાન એવી કેસર કેરીના અસ્તિત્વ સામે ખતરો

## બદલાતા હવામાનના કારણે ફ્લાવરિંગને ભારે નુકસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી બદલાતા હવામાને હવે ગુજરાતની ઓળખ એવી કેસર કેરીને પણ ઝાટકો આપ્યો છે. દિવસ અને રાતના તાપમાનમાં ભારે તફાવત, સાથે ઝાકળ અને ધુમ્મસના કારણે આંબાના ફ્લાવરિંગને નુકસાન થયું છે. અમરેલી જિલ્લાના ધારી પંથક સહિત અનેક વિસ્તારોમાં ભૂકીછારો રોગ ફેલાતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ગુજરાતની ઓળખ એવી કેસર કેરીની મીઠાશ આ વર્ષે કડવી થઈ શકે છે. અમરેલી જિલ્લાના ધારી અને આસપાસના વિસ્તારોમાં, જ્યાં હજારો એકરમાં આંબાના બગીચા ફેલાયેલા છે, વાતાવરણના અણધાર્યા બદલાવથી ખેડૂતોની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી દિવસ અને રાતના તાપમાનમાં ભારે તફાવત આવ્યો છે. ધુમ્મસ અને ઝાંકળથી ફ્લાવરિંગને ભારે નુકસાન થયું છે. આ વર્ષે ફ્લાવરિંગ વહેલું થયું હતું, પરંતુ અચાનક વરસાદ અને ઠંડકથી ભૂકીછારો રોગે હુમલો કર્યો છે. આ રોગ ફ્લાવર્સને બાળી નાખે છે, જેનાથી કેરીની ઉપજ ૩૦થી ૪૦ ટકા ઘટી શકે છે. કૃષિ નિષ્ણાતો કહે છે કે, સામાન્ય રીતે ડિસેમ્બરમાં ફ્લાવરિંગ થાય છે અને ફેબ્રુઆરીમાં કેરી બેસે છે. પરંતુ કમોસમી વરસાદ અને ઠંડીથી આ પ્રક્રિયા વિખરાઈ ગઈ છે. રોગને રોકવા માટે કાર્બન્ડેન્ઝીમ અને નિમ ઓઈલનો ઉપયોગ કરો, પરંતુ વાતાવરણના બદલાવ સામે કોઈ ઉપાય નથી.


## પશ્ચિમ રેલ્વે દ્વારા ત્રણ જોડી સ્પેશ્યલ ટ્રેનોની ટ્રીપ્સ લંબાવશે

| ટ્રેન નં. | થી | સુધી | ચલાવવાના દિવસ | થી વિસ્તૃત |
|---|---|---|---|---|
| 04828 | બાંદ્રા ટર્મિનસ | ભગત કી કોઠી | રવિવાર | 29.03.2026 |
| 04827 | ભગત કી કોઠી | બાંદ્રા ટર્મિનસ | શનિવાર | 28.03.2026 |
| 09622 | બાંદ્રા ટર્મિનસ | અજમેર | સોમવાર | 30.03.2026 |
| 09621 | અજમેર | બાંદ્રા ટર્મિનસ | રવિવાર | 29.03.2026 |
| 04728 | વલસાડ | હિસાર | ગુરુવાર | 26.03.2026 |
| 04727 | હિસાર | વલસાડ | બુધવાર | 25.03.2026 |

મુસાફરો કૃપા કરીને સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 04828, 09622 અને 04728 ની વિસ્તૃત ટ્રિપ્સનું બુકિંગ તા. 08.02.2026 થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશ્યલ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઈક અને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

તમામ આરક્ષીત ટીકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

# પ્રાંતિજ તાલુકાના સાદોલીયામાં પતિ પત્ની ઔર વો કિસ્સામાં પત્નીએ પ્રેમી સાથે મળી દિયર વિષ્ણુસિંહનુ ઠંડા કલેજે હત્યા કરાવીઃ એક મેસેજે પાપનો ભાંડો ફોડયો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં લોહીના સંબંધને લજવતી એક ઘટના બહાર આવી છે, પ્રેમમાં અંધ બનેલી એક મહિલાએ પોતાના જ દિયર નો રસ્તામાં કાંટો કાઢવા માટે જે ખૌફનાક કાવતરૂ ઘડયું, તેનાથી પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ છે, માત્ર એક મોબાઈલ મેસેજ અને પોલીસની સતર્કતાએ આદર્શ ભાભી હોવાનો ઢોંગ કરતી મહિલાનો અસલી ચહેરો ખુલ્લો પાડી દીધો છે. પ્રાંતિજ તાલુકાના સાદોલીયા ગામે રહેતો વિષ્ણુસિંહ મકવાણા ગઈ કાલે બુધવાર થી ભેદી સંજોગોમાં ગુમ થયો હતો. પરીવાર વિષ્ણુસિંહની ચિંતામાં હતો. જેમાં તેની ભાભી કોકીલા પણ ચિંતામાં હોવાનો નાટક કરી રહી હતી. પોતે શંકાના દાયરામાં ન આવે તે હેતુથી કોકીલાએ પોતે જ પોલીસ સ્ટેશન જઈ દિયર ગુમ થયો હોવાની રજુઆત કરી હતી.



જો કે પોલીસની શંકાના આધારે કોકીલાની બોલવાની ઢબ અને શંકાસ્પદ હાવભાવ પર ઠરી હતી. પ્રાંતિજ પોલીસે શંકાના આધારે જયારે કોકીલાનો મોબાઈલ ફોન તપાસ્યો ત્યારે ચોંકાવનારો ખુલાસો થયો હતો. તેના મોબાઈલમાં એક મેસેજ આવ્યો હતો. જેમાં લખ્યુ હતુ કામ થઈ ગયું, આ ૩ શબ્દોએ પોલીસને હત્યાના છેડા સુધી પહોચાડી દીધી, કડક પુછપરછમાં કોકીલા ભાંગી પડી હતી અને કબુલાત કરી હતી કે તેના દોલતસિંહ મકવાણા સાથે આડા સંબંધો હતા અને વિષ્ણુસિંહ આ સંબંધમાં અડચણ રૂપ બની રહ્યો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યુ કે વિષ્ણુસિંહ તાજેતરમાં જ જમીન વેચીને રૂપીયા લાવ્યો હતો. તેને પોતાની ભાભી કોકીલા અને દોલતસિંહના પ્રેમ સંબંધની જાણ થઈ ગઈ હતી, જેને લઈને અવાર નવાર વિરોધ કરતો અને માથાકુટ થતી હતી. આ રોજની કકળાટ અને પોતાની જમીનના રૂપીયા પડાવવાના ઈરાદે કોકીલાએ તેના પ્રેમી સાથે મળીને દિયરની સોપારી આપી હોવાનો પ્લાન ઘડયો હતો. પ્લાન મુજબ અપરિણીત વિષ્ણુસિંહને છોકરી જોવાની લાલચ આપવામાં આવી અને તેને ઈકો ગાડીમાં બેસાડીને લઈ જવામાં આવ્યો, વિષ્ણુસિંહને ખ્યાલ પણ ન હતો કે તે જેને પોતાની નવી જીંદગીની શરૂઆત માની રહ્યો છે તે તેની અંતિમ સફર છે. રસ્તામાં સુમસામ જગ્યાએ મોકો મળતા જ દોલતસિંહ અને તેના સાથીદારો વિક્રમસિંહ તથા રમેશસિંહે ગાડીમાં જ વિષ્ણુસિંહનો ગળે ટુંપો દઈ હત્યા કરી દીધી અને લાશને અહમદપુરાની સીમમાં ખાડામાં ફેંકી દીધી હતી.

હિંમતનગર વિભાગના ડીવાયએસપી એ કે પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે ટેકનીકલ સર્વેલન્સ અને પુછપરછના આધારે પોલીસે મુખ્ય સુત્રધાર ભાભી કોકીલા મકવાણા,તેનો પ્રેમી દોલતસિંહ અને સોપારી લેનાર વિક્રમસિંહ તથા રમેશસિંહની ધરપકડ કરી લીધી છે. પ્રેમના નશામાં અંધ બનેલી મહિલાએ પવિત્ર સંબંધોને કલંકીત કર્યા છે. હવે આ ચારેય આરોપીઓ કાયદાના સંકજામાં આવી જઈ જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

# ગાંધીનગર સીવીલ હોસ્પીટલમાં વર્ગ-૪ ના કર્મચારીઓને રજા પગાર ન મળતા હોબાળો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર સીવીલ હોસ્પીટલમાં આઉટ સોર્સિંગ એજન્સી દ્વારા વર્ગ ૩ અને ૪ ના કર્મચારીઓની ભરતી કરીને સીવીલનુ સંચાલન ચલાવવામાં આવી રહ્યુ છે. પરંતુ રજાના પગારની રકમ નહી મળતા વર્ગ ૪ ના કર્મચારીઓએ નારેબાજી સાથે હોબાળો મચાવ્યો હતો. જેને લઈ સ્ટાફ સહિત દર્દીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.




સીવીલ માં આજે શુક્રવારે સવાર થી વર્ગ ૪ ના આઉટસોર્સિંગ કર્મચારીઓ હોસ્પીટલના મુખ્ય દ્વાર પાસે અને દવા વિતરણ બારી નજીક ભેગા થયા હતા અને નારાબાજી કરી ભારે હોબાળો મચાવ્યો હતો. રજા પગાર આપો, અમારા હક્ક ની રકમ પરત કરો, જેવા નારા લગાવીને તેમણે વિરોધ નોંધાવ્યો હતો. ત્યારે સમગ્ર સીવીલ હોસ્પીટલનુ સંચાલન ખોરવાઈ ગયુ હતું.

વર્ગ ૪ ના કર્મચારીઓને છેલ્લા ઘણા મહિનાઓથી પોતાની રજા માં પગાર ની રકમ ચુકવવામાં આવી નથી. આ અંગે વારંવાર મૌખિક રજુઆતો કરવા છતાં એજન્સી દ્વારા તેમની રજુઆતોને અવગણવામાં આવતી હતી. જેથી છેલ્લા કેટલાક સમયથી કર્મચારીઓમાં નારાજગી પ્રર્વતતી હતી. અંતે આજે શુક્રવારે તેમણે દેખાવો દ્વારા રોષ વ્યકત કર્યો હતો અને રીતસરના રોડ રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ વિરોધનુ પરીણામ એ આવ્યુ કે મોટી સંખ્યામાં વર્ગ ૪ ના કર્મચારીઓએ અચાનક કામગીરી થી અળગા રહી પોતાની માંગણીઓ બુલંદ કરી હતી.

આ ઘટનાએ હોસ્પીટલના વહિવટી સહિતના સ્ટાફ અને દર્દીઓને ધકકે ચઢાવી દીધા હતા. તેની સીધી અસર દર્દીઓને થઈ હતી. જાણ થતા ની સાથે જ એજન્સીના સંચાલકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કર્મચારીઓની માંગણીઓ સાંભળી તેમણે કર્મચારીઓને ખાત્રી આપી હતી કે તેમની લેખિત રજુઆત ઉચ્ચ અધિકારીઓ સુધી પહોચાડવામાં આવશે. વધુમાં દર મહિને રજા પગારની રકમ નિયમિત રીતે ચુકવવા માટે જરૂરી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે તેવી બાંહેધરી આપવામાં આવી હતી. ત્યારબાદ કર્મચારીઓએ રાહત અનુભવી હાલ પુરતા આંદોલન કાર્યક્રમો મોકુફ રાખ્યા હતા. કર્મચારીઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે જો તેમની માંગણીઓનુ સત્વરે નિરાકરણ નહી થાય તો આગામી દિવસોમાં હડતાળ પર ઉતરવાની અમને ફરજ પડશે. આવી ચીમકી થી હોસ્પીટલ વહિવટી તંત્ર માં ચિંતા પ્રસરી ગઈ હતી. હાલમાં કોઈ નિરાકરણ આવ્યુ નથી પરંતુ કર્મચારીઓની માંગણીઓ પૂર્ણ ન થાય તો હોસ્પીટલની સેવા ઉપર અસર પડી શકે છે.

# રાજયની આંગણવાડી-આશાવર્કર કર્મચારીઓ ૧૨ ફેબ્રુ. એ દેશવ્યાપી હડતાળ માં જોડાશે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજયમાં આંગણવાડી તેમજ આશાવર્કર અને ફીસીલીટેટર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી પગાર વધારાની માંગણી કરી રહ્યા છે. ઓગસ્ટ મહિનામાં ગુજરાત હાઈકોર્ટે પણ ૬ મહિનામાં આંગણવાડી બહેનોના પગારમાં વધારો કરવા હુકમ કર્યો હતો. જેની મુદત ૨૦ મી ફેબ્રુઆરીએ પુર્ણ થઈ રહી છે.ત્યારે ૧૬ મી ફેબ્રુઆરીએ રજુ થનારા ગુજરાતના બજેટમાં પગાર વધારાની જાહેરાત કરવામાં આવે તેવી માંગણી સાથે ૧.૪૦ લાખ કર્મચારી બહેનોએ સરકારને અલ્ટીમેટમ આપ્યુ છે. દરમિયાન ૧૨ મી એ નવા મજુર કાયદાના વિરોધમાં જાહેર કરાયેલી દેશવ્યાપી હડતાળમાં આંગણવાડી બહેનોએ પણ જોડાવવાની જાહેરાત કરી છે.




રાજકોટમાં મોટી સંખ્યામાં આંગણવાડી બહેનોએ યુનિયન હોદ્દેદારો સાથે મળીને કલેકટર કચેરીએ રેલી સ્વરૂપે જઈને ૧૭ માંગણીઓ સાથેનુ આવેદનપત્ર આપ્યુ હતું. આગામી તારીખ ૧૨ મી એ નવા મજુર કાયદાના વિરોધમાં જાહેર કરાયેલી દેશવ્યાપી હડતાળમાં આંગણવાડી બહેનોએ પણ જોડાવવાની જાહેરાત કરી છે. આંગણવાડી બહેનોએ આવેદનપત્ર આપ્યુ છે જેમાં માંગણી કરવામાં આવી છે કે ગુજરાતનુ બજેટ ૧૬ ફેબ્રુઆરીએ રજુ થવાનુ છે. જેથી રાજય સરકાર આ બજેટમાં આંગણવાડી, આશા વર્કર અને ફીસીલીટેટર બહેનોના પગારમાં વધારો કરે, તેમજ સરકાર મોબાઈલ આપતી નથી અને ડીઝીટલ કામગીરી બહેનોને ખુદના મોબાઈલમાં કરાવવામાં આવે છે. જો બહેનો તેવુ ન કરે તો તમારો પગાર કાપીશુ અને નોકરીમાંથી કાઢી મુકીશુ તેવી ધાક ધમકીઓ આપવામાં આવે છે. સુપ્રિમ કોર્ટે ૨૦૨૨ માં આ બહેનોની કામગીરી ને બિરદાવી હતી. હેલ્પરને રૂપીયા ૬ હજાર, આશાવર્કરને રૂપીયા ૫૫૦૦/- અને આંગણવાડી વર્કરને રૂપીયા ૧૦ હજાર અને હેલ્પરને રૂપીયા ૫૫૦૦/- માસિક વેતન આપવામાં આવે છે. આ ૧.૪૦ લાખ બહેનો છે, સરકાર આ બાબતે નિર્ણય લાવે તે જરૂરી છે અને આ બહેનોના પ્રશ્ન માટે આગામી ૧૨ મી ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય આંદોલનનુ પણ એલાન કરવામાં આવ્યુ છે. સરકાર નવા મજુર કાયદાઓ ખુબ જ ખરાબ અને કામદારોને નુકશાન કરતા છે. હડતાળના દિવસે આ બહેનો રજા રીપોર્ટ ભરી કામથી અળગા રહેશે.

# ડી જે ને લઈને ઠાકોર સમાજમાં વિભાજનઃ વિક્રમ ઠાકોર અને ગેનીબેન આમને સામને

પ્રતિનિધિ,ગાંધીનગર

ઠાકોર સમાજમાં બંધારણ અને ડી જે પર પ્રતિબંધના પાલનને લઈને જાણીતા કલાકાર વિક્રમ ઠાકોર અને ગેનીબેન ઠાકોર આમને સામને આવી ગયા છે. વિક્રમ ઠાકોરે ડી જે પરના પ્રતિબંધને લઈને ગેનીબેન ઠાકોરને સાણસામાં લીધા હતા અને આ પ્રતિબંધો તેમના કારણે જ આવ્યા હોવાનુ જણાવ્યુ હતું. વિક્રમ ઠાકોરે જણાવ્યુ હતુ કે ડી જે પર પ્રતિબંધનો પ્રસ્તાવ લાવનાર પણ સૌ પ્રથમ ગેનીબેન જ હતા. તેમણે જણાવ્યુ હતુ કે ઠાકોર સમાજમાં જ ૧૦ હજાર થી વધારે યુવાનો ડી જે નુ કામ કરે છે અને તેના પર જ નભે છે. હવે તે સ્વરોજગાર મેળવતા હોય તો તેમાં ગેનીબેનના પેટમાં શું દુઃખે છે તે મને સમજાતુ નથી. આમાં તેમનો કયો ગરાસ લુંટાઈ જાય છે.





વિક્રમ ઠાકોરે ડી જે મુદ્દે ગેનીબેન ઠાકોર પર પ્રહાર કરવાની સાથે સાથે તાજેતરમાં કલાકાર ગબ્બર ઠાકોર અને અર્જન ઠાકોરને સમર્થન આપ્યુ હતું. ગબ્બર અને અર્જુન ઠાકોરે ઘરે પ્રસંગ હતો ત્યારે ડી જે વગાડીને આખા ગામમાં ફુલેકુ ફરેવ્યુ હતુ તેના પગલે ઠાકોર સમાજે તેમને એક વર્ષ માટે નાત બહાર મુકયા છે, આના પગલે વિક્રમ ઠાકોરે ગબ્બર ઠાકોર અને અર્જુન ઠાકોરનુ ખુલ્લેઆમ સમર્થન કર્યુ હતું અને તેની સાથે સમાજના ૧૦ હજાર થી પણ વધુ ડી જે નુ પણ સમર્થન કર્યુ હતું.

વિક્રમ ઠાકોર અવાજ બનતા સમાજના ડી જે સંચાલકો પણ તરતજ તેમની આગેવાની હેઠળ બહાર આવ્યા છે. આમ ઠાકોર સમાજમાં જ બે ફાંટા પડી ગયા છે. એક છે આધુનિક વલણ ધરાવતો અને પોતાની જ રીતે સ્વરોજગાર થી વિકાસના માર્ગે આગળ વધતા યુવાન ઠાકોરો, બીજી બાજુ પરંપરાવાદી અને બીબાઢાળ માનસિકતામાં રહેનારા ઠાકોરો છે. એક રીતે રૂઢીચુસ્ત વલણ અને નવા યુગના નવા વલણ વચ્ચેનો જંગ છે. વિક્રમ ઠાકોરનો દાવો છે કે આજે ડી જે ને લઈને સમાજમાં જે ગેરસમજ ફેલાઈ છે. તે ગેનીબેનના કારણે છે, તેમને કદાચ ડી જે ગમતા ન હોય તે તેમની વ્યકિતગત પસંદગી હોઈ શકે. પરંતુ તેમને પોતાની પસંદગી કે ના પસંદગી આખા સમાજ પર થોપવાનો કોઈ અધિકાર નથી. ડી જે ના આધારે પોતાનુ પેટ ભરનારા ઠાકોર યુવાનોએ તેમનુ શું બગાડયુ છે તે મને સમજાતુ નથી. ડી જે પરના પ્રતિબંધથી અનેક ઠાકોર કુટુંબો પર અસર પડશે.

# સેવન્થ ડે સ્કુલ ફરી આવી વિવાદમાં : લાઈનમાં ઉભા રહેવાનુ કહેતા ધો.૭ ના મોનીટર પર ૩ વિદ્યાર્થીનો બ્લેડ થી હુમલો

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કુલમાં વિદ્યાર્થીઓની સુરક્ષા રામભરોસે હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યુ છે. શાળાનો વહિવટ હાલ સરકાર હસ્તક હોવા છતાં કેમ્પસની અંદર વિદ્યાર્થીઓ સુરક્ષિત નથી.




તાજેતરમાં બનેલી ઘટનામાં શિસ્ત જાળવવાનો પ્રયાસ કરનાર વર્ગ ના મોનીટરને ૩ વિદ્યાર્થીઓએ મળીને નિશાન બનાવ્યો હતો. આ મામલે હવે પોલીસ અને શિક્ષણ વિભાગ બંને એકશન મોડમાં આવી ગયા છે. પોલીસ ફરીયાદમાં નોંધાયેલી વિગતો અનુસાર ભોગ બનનાર વિદ્યાર્થી રાહુલ (નામ બદલેલ છે) તેના કલાસનો મોનીટર છે, શાળા છુટવાના સમયે જયારે તમામ વિદ્યાર્થીઓ લાઈનબધ્ધ રીતે બહાર નિકળી રહ્યા હતા. ત્યારે રાહુલે ૩ વિદ્યાર્થીઓને લાઈનમાં ચાલવા અથવા બાજુ પર ઉભા રહેવા માટે સુચના આપી હતી. આ સામાન્ય શિસ્તની વાત તે ૩ વિદ્યાર્થીઓને અપમાનજનક લાગી હતી, તે દિવસે શાળાના સાયકલ પાર્કિંગ પાસે આ ત્રણેય વિદ્યાર્થીઓએ રાહુલને આંતરીને ધમકી આપી હતી કે કાલે તને જોઈ લઈશું, તને જાનથી મારી નાખવો પડશે, ભયભીત થયેલો રાહુલ તે દિવસે ઘરે જતો રહ્યો હતો. પરંતુ બીજા દિવસે શાળામાં રીશેષના સમયે જયારે રાહુલ વોશરૂમ તરફ જઈ રહ્યો હતો , ત્યારે પૂર્વ આયોજીત કાવતરા મુજબ આ ત્રણેય તેની પાછળ પીછો કરી ગયા હતા, વોશરૂમ પાસે એકાંત જોઈને ત્રણેય વિદ્યાર્થીઓએ રાહુલનો કોલર પકડી લીધો હતો.

તે પૈકીના એક વિદ્યાર્થીએ પોતાના ખિસ્સામાંથી તીક્ષ્ણ બ્લેડ કાઢી રાહુલના શર્ટ ના બટન તોડી નાખ્યા હતા. અને તેને શરીરના ભાગે ઈજા પહોચાડવાનો પ્રયાસ કર્યો હતો. તેને બેરહેમીથી માર મારવામાં આવ્યો અને ધમકી આપવામાં આવી કે જો ફરીથી તેણે મોનીટરીંગ કરી કે લાઈનમાં ઉભા રહેવાનુ કહ્યુ તો તેને જીવતો નહી છોડવામાં આવે, અમરાઈવાડી પીઆઈ આ મામલાની તપાસ કરી રહ્યા છે જે રીતે ધો. ૭ ના નાના બાળકો પાસે બ્લેડ જેવા હથિયારો મળી રહ્યા છે અને જે રીતે તેઓ હિંસક બની રહ્યા છે તેનાથી વાલીઓમાં ભારે ચિંતા પ્રસરી છે.

સેવન્થ ડે સ્કુલનો વહિવટ સરકાર હસ્તક હોવા છતાં આવી ઘટના બનવી તે તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા કરે છે. શાળામાં સીસીટીવી કેમેરા અને શિક્ષકોનુ નિરીક્ષણ કયાં હતું ? આ સવાલ હવે દરેક વાલીઓ પુછી રહ્યા છે, આ મામલે હવે પોલીસ ફરીયાદ બાદ શાળા તંત્ર આ હિંસક વિદ્યાર્થીઓ સામે અને શિક્ષણ વિભાગ બેદરકાર અધિકારીઓ સામે કેવા પગલા ભરે છે તે હવે જોવુ રહ્યું.

## રાજકોટ ભાજપમાં ફરી ભડકો

# ભાજપના શાસનમાં ભાજપના જ કોર્પોરેટરને બરતરફ કરવા માટેની દરખાસ્ત ઉઠી!

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પહેલા રાજકોટ મનપાનું રાજકારણ ગરમાયું છે. રાજકોટ ભાજપમાં જૂથવાદ ફરીથી બહાર આવ્યો છે. ભાજપના કોર્પોરેટર નેહલ શુકલને બરતરફ કરવા માટે દરખાસ્ત થઈ છે. ત્યારે ભાજપના શાસનમાં ભાજપના જ કોર્પોરેટરને બરતરફ કરવાની દરખાસ્ત થતા રાજકોટ ભાજપમાં ભડકો થયો છે. આ માટે રાજકોટ મહાનગરપાલિકાના સેક્રેટરી દ્વારા કમિશનરને પત્ર લખાયો છે, ને કમિશનર પાસે અભિપ્રાય માંગવામાં આવ્યો છે.

રાજકોટ મનપા શાસન પૂર્ણ થવાને હવે માત્ર સવા મહિનો બાકી છે, અને ભાજપે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓનું બ્યૂગલ વગાડી દીધુ છે, ત્યારે ભાજપમાં જુથવાદ પોકારી પોકારીને બહાર આવી રહ્યો છે. ભાજપના કોર્પોરેટર નેહલ શુકલને બરતરફ કરવા માટે દરખાસ્ત થતા ચકચાર મચી ગઈ છે. ભાજપના શાસનમાં ભાજપના કોર્પોરેટર સામે દરખાસ્તથી ચર્ચાએ જોર પકડ્યું છે. આ માટે રાજકોટ મનપા સેક્રેટરી દ્વારા પત્ર લખી કમિશ્નર પાસે અભિપ્રાય માંગવામાં આવ્યો છે. જોકે હાલ એકતરફ સ્ટેન્ડિંગ કમિટી બજેટ લઈ ચર્ચા ચાલી રહી છે. ત્યારે ભાજપ કોર્પોરેટર નેહલ શુક્લ પણ સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય છે, આવામાં સ્ટેન્ડિંગ કમિટી બેસી શકે નહીં તે ચર્ચાએ જોર પકડ્યું છે. નેહલ શુક્લ દ્વારા અનેક સ્ટેન્ડિંગ બેઠકમાં સત્તાધારી ભીડવવાના પ્રયાસો કર્યા છે. ત્યારે કોર્પોરેટ પદ ના રહે તો શું સ્ટેન્ડિંગમાં બેસી શકે ખરા તે પણ એક ચર્ચા મનપામાં ચાલી રહી છે. આખા ગુજરાતમાં રાજકોટ ભાજપ એવું છે જ્યાં છાશવારે ભડાકા થતા જ હોય છે.

ગાંધીનગર હાઈકમાન્ડથી પણ રાજકોટના આંતરિક ડખા છુપા નથી. રાજકોટમાં ભાજપની અંદરોઅંદરની લડાઈ હંમેશા ચર્ચામાં રહેતી હોય છે. આવામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા ભાજપમાં વકરી રહેલો જુથવાદ નવા સમીકરણ રચીને નવો વળાંક આપી શકે છે.

## નિર્દોષ જાહેર થયા બાદ રાત્રે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું

# ૨૦ રૂપિયાની લાંચના આરોપમાં કોન્સ્ટેબલની ૨૦ વર્ષની લડત

**લાંચના આક્ષેપમાં ફસાયેલા પોલીસ કોન્સ્ટેબલને લાંબી કાનૂની લડત બાદ ગુજરાત હાઈકોર્ટે નિર્દોષ છોડી મૂક્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આ ચોંકાવનારો કિસ્સો ગુજરાતના અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારનો છે. અહીં વર્ષ ૧૯૯૭માં બનેલી એક એવી ઘટના બની હતી, જેમાં સતત ૨૦ વર્ષ સુધી ન્યાય માટે લડત લડ્યા બાદ આખરે સુખદ અંત આવ્યો છે. આ કેસમાં એક પોલીસ કોન્સ્ટેબલને માત્ર ૨૦ રૂપિયાની લાંચ લેવાના આરોપમાં સેશન્સ કોર્ટ દ્વારા સજા ફટકરવામાં આવી હતી.

ઘટના એવી છે કે, અમદાવાદના વેજલપુરમાં વર્ષ ૧૯૯૭માં એક પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ પ્રજાપતિને માત્ર ૨૦ રૂપિયાની લાંચ લેવાના આરોપ લાગ્યો હતો, જેમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ટ્રેપ ગોઠવી તેમની ધરપકડ કરવામાં આવી હતી. લાંચ લેવા મામલે કેસ કોર્ટમાં ચાલતા તે સમયે પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈને નામદાર સેશન્સ કોર્ટે તેમને દોષિત ઠેરવીને સજાનો હુકમ કર્યો હતો.

ત્યારબાદ બાબુભાઈ ૨થી ૩ મહિના જેલમાં રહ્યા હતા. સેશન્સ કોર્ટના ચુકાદાથી તેમની કારકિર્દી અને સામાજિક પ્રતિષ્ઠા પર મોટું જોખમ ઊભું થયું હતું.

જો કે, આ અન્યાય સામે બાબુભાઈએ હારી ન માની અને સેશન્સ કોર્ટના આદેશને પડકારતા બાબુભાઈએ એડવોકેટ નીતિન ટી. ગાંધી મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. કોન્સેટેબલ દ્વારા ન્યાય મેળવવા માટે હાઈકોર્ટમાં કરવામાં આવેલી અપીલ બાદ ૨૦ વર્ષની લાંબી કાનૂની લડત લડ્યા બાદ તારીખ ૦૪/૦૨/૨૦૨૬ના રોજ નામદાર જજ એસ.વી. પિન્ટોએ કેસની ગંભીરતાને ધ્યાને લઈ બાબુભાઈ પ્રજાપતિને લાંચ લેવાના આરોપોમાંથી નિર્દોષ જાહેર કરીને છોડી મૂકવાનો ઐતિહાસિક હુકમ કર્યો છે. આખરે બે દાયકા સુધી લાંબી કાનૂની લડત લડ્યા બાદ હાઈકોર્ટે પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈને નિર્દોષ છોડ્યા પછી તેમના વકીલને મળવા માટે પહોંચ્યા હતા. જ્યારે વકીલે બાબુભાઈને આગળની કાયદાકીય પ્રક્રિયા વિશે પૂછ્યું, ત્યારે તેઓ હતાશામાં છેલ્લું નિવેદન આપતા કહ્યું હતું કે, હવે કેસમાંથી છૂટ્યો છું, કઈ કરવું નથી, હવે ભગવાન બોલાવી લે તો સારું. વકીલ સાથે થયેલી આ મુલાકાત બાદ બાબુભાઈ ઘરે પરત ફર્યા હતા. જ્યારબાદ રાત્રે તેમનું આકસ્મિક મોત નીપજ્યું હતું. પ્રાથમિક માહિતી અનુસાર, પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈનું હાર્ટ એટેક આવવાને કારણે અવસાન થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

## માર્કેટ યાર્ડમાં નવા અજમા ના આગમન સાથે વેપારી પ્રવૃત્તિઓ તેજ

# ઊંઝા માર્કેટ યાર્ડમાં નવા અજમાની હરાજીની ગૂંજ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

મહેસાણા જિલ્લાનું ઊંઝા માર્કેટ યાર્ડ એશિયાનું સૌથી મોટું મસાલા બજાર ગણાય છે. જીરું અને વરિયાળી બાદ હવે ઊંઝા અજમા ના હબ તરીકે પણ ઉભરી રહ્યું છે. હાલમાં ઊંઝા માર્કેટ યાર્ડમાં નવા અજમા ની આવક શરૂ થઈ ગઈ છે. જોકે, ચાલુ વર્ષે કમોસમી વરસાદને કારણે અજમા ના પાકની ગુણવત્તા પર માઠી અસર જોવા મળી છે.

ઊંઝા માર્કેટ યાર્ડમાં અત્યારે નવા અજમા ની હરાજીની ગૂંજ સંભળાઈ રહી છે. દરરોજ અંદાજે ૨૦૦ થી ૨૫૦ ગુણી અજમા ની આવક થઈ રહી છે. ખેડૂતોને તેમના માલના ૨૫૦૦ થી ૩૫૦૦ રૂપિયા સુધીના ભાવ મળી રહ્યા છે.

જોકે, ચાલુ વર્ષે ખેડૂતો માટે સ્થિતિ થોડી ચિંતાજનક છે. ખેતી નિષ્ણાતો અને વેપારીઓના મતે, આ વર્ષે વરસાદને કારણે અજમા ના પાકને વ્યાપક નુકસાન થયું છે, જેના કારણે માર્કેટમાં આવી રહેલા અજમા માં કાળાશ જોવા મળી રહી છે અને અપેક્ષા મુજબની ક્વોલિટી નથી મળી રહી.ઉત્તર ગુજરાતમાં અજમા નો મુખ્ય પાક માર્ચ અને એપ્રિલ મહિનામાં આવતો હોય છે. જ્યારે સારો પાક હોય ત્યારે ૨ થી ૩ લાખ ગુણીની આવક થતી હોય છે. ઊંઝામાં બારેમાસ અજમા નું વેચાણ ચાલતું હોવાથી તે હવે અજમા ના મોટા હબ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યું છે. હાલમાં અન્ય પંથકમાંથી જે અજમો આવી રહ્યો છે, તેમાં વરસાદને કારણે નુકસાન સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આગામી દિવસોમાં જ્યારે ઉત્તર ગુજરાતનો મુખ્ય પાક બજારમાં આવશે, ત્યારે જ ચિત્ર વધુ સ્પષ્ટ થશે.

આમ, ઊંઝા માર્કેટ યાર્ડમાં નવા અજમા ના આગમન સાથે વેપારી પ્રવૃત્તિઓ તેજ બની છે, પરંતુ કુદરતી આફતને કારણે પાકની નબળી ગુણવત્તા ખેડૂતો અને વેપારીઓ બંને માટે ચિંતાનો વિષય છે. હવે સૌની નજર માર્ચ-એપ્રિલમાં આવનારા ઉત્તર ગુજરાતના મુખ્ય પાક પર છે..

# સૈજપુરથી શાહવાડીને જોડતા રોડમાં તિરાડો પડી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદને સ્માર્ટ સિટી કહેવામાં આવે છે. શહેરમાં વિકાસના અનેક કામો ચાલી રહ્યાં છે. ત્યારે ભ્રષ્ટાચારની પોલ ખોલતો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. હજી ગઈકાલે જ બનાવેલા રોડમાં તિરાડો પડતાં અનેક સવાલો ઉભા થયાં છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રીએ અધિકારીઓને કડક પણે કહ્યું છે કે, કામની ગુણવત્તામાં કોઈપણ બાંધછોડ કે ગેરરીતિ ચલાવી લેવામાં નહીં આવે. ત્યારે મહાનગર પાલિકા દ્વારા બનાવેલા રોડમાં એક જ દિવસમાં તિરાડો પડી જતાં અનેક સવાલો ઉભા થયાં છે.

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા સૈજપુરથી શાહવાડીને જોડતા રોડમાં તિરાડો પડી છે. ડામર અને કોંક્રિટનું મટીરિયલ ઉખડી જતાં તિરાડો પડી ગઈ છે. બે દાયકા બાદ આ વિસ્તારમાં નવો રોડ બનાવવામાં આવ્યો છે. લોકોએ આ મુદ્દે અધિકારીઓને જાણ કરી તો અધિકારીઓ ત્યાંથી નાસી છૂટ્યા હતાં.

લોકોનું કહેવું છે કે અહીં ગટરના પાણી બેક મારે છે. અધિકારીઓ દ્વારા કોઈ સારી કામગીરી કરવામાં નથી આવતી.